# ઈરાકમાં ૩૯ ભારતીયોની હત્યા

## ૪૦ પૈકી એક ભારતીય થાપ આપી ઘાયલ થયા બાદ ભાગી છુટવામાં સફળ રહ્યો હોવાના અહેવાલ

નવી દિલ્હી,તા. ૨૮

ઇરાકમાં ઇસ્લામિક સ્ટેટના ત્રાસવાદીઓ દ્વારા અપહરણ કરવામાં આવેલા ૪૦ ભારતીયોની સુરક્ષાને લઇને સરકાર અને તેમના પરિવારના સભ્યો ચિંતિત છે. એક ટીવી ચેનલે આવી ચિંતા વચ્ચે દાવો કર્યો છે કે તેમાંથી માત્ર એક ભારતીય સુરક્ષિત છે અને જિવિત છે. બાકીના ભારતીય લોકોની હત્યા કરી દેવામાં આવી છે. ટીવી ચેનલે બે બાંગ્લાદેશી નાગરિકોના માધ્યમથી આ સ્ટોરી ચલાવી છે. આ બન્ને નાગરિકોએ બચી ગયેલા એક ભારતીય સાથે વાતચીત કરી હોવાનો દાવો કર્યો છે. અલબત્ત સરકાર આ વાતને સ્વીકાર કરવા હાલમાં તૈયાર નથી. ચેનલે બન્ને બાંગલા નાગરિકો સાથે કર્દિસ્તાનના પાટનગર ઈર્બિલમાં મુલાકાત કરી હતી. ચેનલેને તેમની સાથે વાતચીતમાં જાણવા મળ્યુ છે કે બાનમાં પકડી લેવામા આવેલા ૪૦ પૈકી ૩૯ ભારતીય નાગરિકોને જુન ૨૦૧૪માં મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા. શફી અને હસન નામના બાંગલા નાગરિકોએ કહ્યુ ંહતું કે હરિજિત કોઇ રીતે આઇએસના સકંજામાંથી નિકળી જવામાં સફળ રહ્યો હતો. હરજિતને તેમને આ માહિતી આપી હતી. બન્ને નાગરિકોએ દાવો કર્યો હતો કે આ મેકમાત્ર બચી ગયેલા ભારતીયે હત્યા નિહાળી હતી. શફીએ કહ્યુ ંહતું કે મોસુલથી બગદાદ જવાના રસ્તામાં આઇએસના ત્રાસવાદીઓએ ૫૧ બાંગલા અને ૪૦ ભારતીય નાગરિકોનુ અપહરણ કરી લેવામાં આવ્યું હતુ. બચી ગયેલા ભારતીયે કહ્યુ ંહતું કે ૧૫મી જુનના દિવસે આઇએસ દ્વારા તમામ ૪૦ ભારતીયોને એક પહાડી પર લઇ જવામાં આવ્યા હતા ત્યારબાદ અંધાધુંધ ગોળીબાર કરીને હત્યા કરી હતી. બચી ગયેલા ભારતીયને પણ બે ગોળી વાગી હતી. પરંતુ તે મરી જવાના બહાને પડી રહ્યો હતો અને જ્યારે ત્રાસવાદી જતા રહ્યા ત્યારે બચીને ભાગી છુટ્યો હતો. સુરક્ષા સંસ્થાઓએ કહ્યું છે કે બચી ગયેલા ભારતીય અને બાંગલા નાગરિકોની વાત પર વિશ્વાસ કરી શકાય નહી.



### ભારતીયોની હત્યા કરાઈ છે તેવા પુરાવાઓ નથી : સુષ્મા

નવી દિલ્હી, તા. ૨૮

ઈસ્લામિક સ્ટેટના આતંકવાદીઓ દ્વારા ઈરાકમાં અપહરણ કરવામાં આવેલા ૪૦ ભારતીય વર્કરોની હત્યાને લઈને ભારતમાં અહેવાલો આવી રહ્યા છે ત્યારે વિદેશમંત્રી સુષમા સ્વરાજે આજે નિવેદન કરતા કહ્યું હતું કે, સરકારને આ પ્રદેશમાં રહેલા તેના સોર્સ પાસેથી સતત ઈન્ટેલીજન્સ અહેવાલ મળી રહ્યા છે. જેમાં જણાવવામાં આવ્યું છે કે, ભારતીય નાગરિકો સુરક્ષિત અને જીવિત છે. કોંગ્રેસ દ્વારા કરવામાં આવેલા આક્ષેપોનો જવાબ આપતા સ્વરાજે કહ્યું હતું કે, ભારતીયોની હત્યાના અહેવાલો આવ્યા છે પરંતુ આ તમામ અહેવાલોના સોર્સ તરીકે આઈએસના સકંજામાં છુટેલા હરિજીત તરીકે છે. સુષ્મા સ્વરાજે કહ્યું હતું કે, કોઈ એક સોર્સના આધાર પર આ પ્રકારના અહેવાલમાં વિશ્વાસ કરવાની બાબત મુશ્કેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, મોસુલમાં તુર્કિસ કન્ટ્રક્શન કંપની માટે કામ કરતા આ લોકોનું જૂન મહિનામાં ઈસ્લામિક સ્ટેટના આતંકવાદીઓ દ્વારા અપહરણ કરી લેવામાં આવ્યું હતું. હરિજીત અને અન્ય ભારતીયોના બાંગ્લાદેશી નાગરિકો સાથે ઈરબિલ તરફ એક ટ્રકમાં જઈ રહ્યા હતા ત્યારે અપહરણ કરી લેવાયા હતા. ત્યારબાદ બાંગ્લાદેશી અને ભારતીયોને અલગ પાડવામાં આવ્યા હતા. બાંગ્લાદેશીઓને મુક્ત કરી દેવાયા હતા અને તમામ ભારતીયોને ગુપ્ત સ્થળે લઈ જઈને તેમની હત્યા કરી દેવામાં આવી હતી. હરિજિતને પણ બે ગોળી વાગી હતી પરંતુ તે છુટી જવામાં સફળ રહ્યો હતો. આઈએસના આતંકવાદીઓ તે મૃત્યુ પામ્યો છે તેમ સમજીને છોડીને જતા રહેતા હરિજીત ફરાર થઈ ગયો હતો. સુષ્માએ કહ્યું હતું કે, આ સ્ટોરીમાં ઘણી બધી ખામીઓ રહેલી છે. અમારી પાસે બે વિકલ્પો છે. જેમાં વિશ્વાસ કરવો અથવા નહી કરવાની બાબત સામેલ છે. છ સોર્સ અમને કહી ચુક્યા છે કે તેમની હત્યા કરાઈ નથી. આ માત્ર મૌખિક નહીં બલ્કે લેખિત માહિતી છે. આ માહિતી મારી જેમ ગુપ્તતાના શપથ લેનાર વ્યક્તિ જોઈ શકે છે. અરુણ જેટલી અને હરસિમરત કોરને આ માહિતી આપવામાં આવી છે. સોર્સની ઓળખ અંગે વાત કરતા સુષ્માએ કહ્યું હતું કે, તેઓ વ્યક્તિગતોના નામ આપશે નહીં. જો તેમને જાહેર કરવામાં આવશે તો તેમની પણ હત્યા થઈ શકે છે. સરકારે ખાતરી આપી હતી કે, જો એક ટકાની પણ તક હશે તો તેમને છોડાવી લેવામાં આવશે.



# ભાજપને સ્પષ્ટ બહુમતિ આપો : નરેન્દ્ર મોદી

જમ્મુ-ઉધમપુર,તા. ૨૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે જમ્મુ કાશ્મીરમાં આક્રમક ચૂંટણી પ્રચારનો દોર જારી રાખ્યો હતો. તેમણે કહ્યું હતું કે, જમ્મુ કાશ્મીરના નેતાઓ ભ્રષ્ટાચારમાં ડુબેલા અને લોકોને બ્લેકમેઈલિંગ કરી રહ્યા છે. તેમણે કહ્યું હતું કે, છેલ્લા ૩૦ વર્ષથી જમ્મુ કાશ્મીરમાં વિકાસની પ્રવૃત્તિ અટકી ગઈ છે. જમ્મુ કાશ્મીરમાં બીજા તબક્કા પહેલા મોદીએ આજે બે જગ્યાએ ભાજપની ચૂંટણી રેલીને સંબોધી હતી જેમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. મોદીએ કહ્યું હતું કે, ભારતમાં ડઝન જેટલા વડાપ્રધાનો આવી ચુકયા છે પરંતુ જમ્મુ કાશ્મીરમાં તેઓ જેટલી વખત આવ્યા છે તેટલી વખત કોઈપણ વડાપ્રધાને મુલાકાત લીધી નથી. તેમણે કહ્યું હતું કે, પુરગ્રસ્ત લોકો સાથે તેઓએ દિવાળી ઉજવી હતી. તેમનો નિર્ણય કોઈ રાજકીય ન હતો બલ્કે મતદારોને એકત્રિત કરવાનો પણ ન હતો. જે કામ ૩૦ વર્ષમાં પણ થયું નથી તે કામ જો તેઓ પાંચ વર્ષમાં કરીને ન બતાવે તો મતદારો તેમને જવાબદાર ઠેરવી શકે છે અને પ્રશ્નો પણ કરી શકે છે. છેલ્લા ૩૦ વર્ષથી જમ્મુ કાશ્મીરમાં વિકાસની પ્રવૃત્તિ અટકી ગઈ છે. શાસક અને વિરોધ પક્ષોના નેતાઓ ભ્રષ્ટાચારમાં ડુબેલા છે. બ્લેકમેઈલિંગમાં કરી રહ્યા છે. અને ખીણના વિકાસ માટે કટિબદ્ધ



છીએ. મોદીએ વચન આપ્યું હતું કે, તેઓ ડિસેમ્બરમાં ફરી એકવાર રાજ્યની મુલાકાત લેશે. મોદીની રેલી પહેલા અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી હતી. કારણ કે ગુરુવારે આતંકવાદી હુમલો થયો હતો. મોદી માટે અનેક સ્તરીય સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી હતી. વડાપ્રધાને ભારત માતા કી જય સાથે તેમના ભાષણની પૂર્ણાહૂતિ કરી હતી. મોદીએ ઉધમપુરમાં અને પૂંચમાં રેલી યોજી હતી. ગુજરાતમાં તેમના દ્વારા કરવામાં આવેલા કામનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે, જો વિકાસની પ્રવૃત્તિ કચ્છમાં થઈ શકે છે તો પૂંચમાં પણ થઈ શકે છે. સંપૂર્ણ બહુમતિ ભાજપને મળશે તો વિકાસ જોવા મળશે અને સંપૂર્ણ વિકાસ દેખાશે. મોદીએ જમ્મુ કાશ્મીરના લોકોને સ્પષ્ટ બહુમતિ આપવા અપીલ કરી હતી. ઘરમાં યોગ્ય સેનિટેશનની સુવિધાની જરૂરિયાત ઉપર વાત કરતા મોદીએ કહ્યું હતું કે, અમારા દેશની મહિલાઓ જોખમ લઈને ટોયલેટ માટે બહાર જાય છે. મહિલાઓને સુરક્ષિત અને યોગ્ય સેનિટેશનની સુવિધા અપાય તે જરૂરી છે. તેમનું સમ્માન થવું જોઈએ. છેલ્લા ૫૦ વર્ષમાં કેન્દ્ર દ્વારા મોકલવામાં આવેલા નાણાં લોકો સુધી પહોંચ્યા નથી. વિકાસના મુદ્દા ઉપર વાત કરતા મોદીએ નેશનલ કોન્ફરન્સ સરકાર ઉપર પ્રહાર કરતા કહ્યું હતું કે, કેન્દ્ર દ્વારા કરોડો રૂપિયા મંજુર કરવામાં આવ્યા છે પરંતુ લોકોને કોઈ ફાયદો થયો નથી. લોકસભાની ચૂંટણીમાં જમ્મુ કાશ્મીરના લોકો દેશને બતાવી ચુક્યા છે કે, તેઓ ભાજપના બટન ઉપર નિશાન લગાવીને હવે પરિવર્તન ઈચ્છે છે. ભારતીય ચૂંટણીના ઈતિહાસમાં જમ્મુ કાશ્મીરની ચૂંટણી મહત્વપૂર્ણ બને તે જરૂરી છે. રાજ્યમાં પુરની સ્થિતિનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે, તેઓ એવા પ્રકારના વડાપ્રધાન છે જે લોકોની પીડાને જાણે છે. ઉધમપુરની જેમ જ પૂંચમાં પણ મોદીએ કહ્યું હતું કે, સત્તા સંભાળી લીધા બાદ તેઓ દર મહિને અહીં આવ્યા છે. મોદીએ સરહદી એન્કાઉન્ટર વચ્ચે પૂંચમાં નિવેદન કર્યું હતું અને ભાજપને પ્રચંડ બહુમતિ આપવા કહ્યું હતું. મોદીએ ભાષણની શરૂઆત કરતા કહ્યું હતું કે, દિલ્હીથી જમ્મુ કાશ્મીર પહોંચવામાં ૨૪ કલાક લાગે છે પરંતુ છેલ્લા વડાપ્રધાન પૂંચમાં આવ્યા તેને ૪૦ વર્ષ લાગ્યા છે. છેલ્લે મોરારજી દેસાઈ પહોંચ્યા હતા. લોકોના સ્વપ્નને પૂર્ણ કરવાની મોદીએ વાત કરી હતી. મોદીએ કહ્યું હતું કે, સમગ્ર વિશ્વ પાસે આ સંદેશો પહોંચી ગયો છે કે, જમ્મુ કાશ્મીરના લોકોના મનમાં શું છે. આતંકવાદીઓમાં દહેશત છે. કારણ કે જમ્મુ કાશ્મીરના લોકો લોકશાહી માર્ગે પરિવર્તન ઈચ્છે છે. લોકો બુલેટને ફગાવી ચુક્યા છે અને બેલોટને મજબૂત કરવા ઈચ્છુક છે. આ લોકશાહીની જીત સમાન છે. પ્રથમ તબક્કામાં અભૂતપૂર્વ મતદાન થયું છે.

### જમ્મુ કાશ્મીર ટ્યુરિઝમને મરણતોળ ફટકો

જમ્મુ, તા. ૨૮

એસોસિએટ ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ઓફ ઈન્ડિયાએ કહ્યું છે કે, જમ્મુ કાશ્મીરમાં ટ્યુરિઝમ ઈન્ડસ્ટ્રીને આપત્તિના કારણે ભારે ફટકો પડ્યો છે. બિઝનેસમાં ૫૫ ટકાનો ઘટાડો થયો છે. ઈન્ડસ્ટ્રી બોડીના પેપરો જારી કરતા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, કાશ્મીરમાં ટ્યુરિઝમ સેક્ટર સૌથી વધુ પ્રમાણમાં રોજગારી ઉપલબ્ધ કરાવે છે. પુરની સ્થિતિ બાદ ૫૫ ટકાનો ઘટાડો કારોબારમાં થયો છે. એસોચેમ સોશિયલ ડેવલપમેન્ટ ફાઉન્ડેશન દ્વારા સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે. પ્રવાસીઓ માટે જમ્મુ કાશ્મીરને સ્વર્ગ સમાન ગણવામાં આવે છે પરંતુ વિનાશકારી પુરના કારણે ભારે નુકસાન થયુંછે. ક્રિસમસ અને નવા વર્ષે ખીણમાં જવા ઈચ્છુક લોકો બુકિંગ રદ કરાવી ચુક્યા છે.

**યાત્રીઓને ૨૫ ટકા વધુ ભાડુ આપવુ પડશે**

### દિલ્હી-આગરા સેમી હાઇ સ્પીડ ટ્રેનમાં ભાડુ વધુ હશે

નવી દિલ્હી,તા. ૨૮

દિલ્હી-આગરા સેમી હાઈ સ્પીડ ટ્રેન ગતિમાન એક્સપ્રેસને લઈને ટ્રેનના યાત્રીઓમાં હાલ ભારે ચર્ચા છે. પરંતુ હવે જાણવા મળ્યું છે કે આ ટ્રેનમાં ભાડુ ૨૫ ટકા વધારે રહેશે. આ જ રૂટ પર શતાબ્દી એક્સપ્રેસ ટ્રેનમાં મુસાફરી કરવા માટે યાત્રીઓને જે ભાડુ આપવુ પડે છે તેના કરતા યાત્રીઓને ૨૫ ટકા વધારે ભાડુ આપવુ પડશે. રેલવેના જાહેરનામામાં જણાવાયું છે કે આ જ રૂટ પર શતાબ્દી એક્સપ્રેસમાં જે ભાડુ છે તેના કરતા વધારે ભાડુ રહેશે. શાતાબ્દી એક્સપ્રેસમાં દિલ્હી-આગરા માટે એસી ચેર માટે ભાડુ ૫૦૫ રૂપિયા છે જ્યારે ગતિમાન એક્સપ્રેસમાં મુસાફરી કરવા માટે ભાડુ રૂપિયા ૬૨૫ રહેશે. ગતિમાનના એક્ઝીક્યુટિવ ક્લાસ માટે ભાડુ ૧૩૨૫ રૂપિયા રહેશે. જ્યારે શતાબ્દીમાં ભાડુ ૧૦૦૦ રૂપિયા છે. આગામીમી મહિનાથી ગતિમાન એક્સપ્રેસ ટ્રેન ઓપરેશનમાં આવી જશે. તેની ગતિ પ્રતિ કલાક ૧૬૦ કિલોમીટરની રહેશે. ભારતીય રેલવેની હજુ સુધીની સૌથી ઝડપથી દોડતી આ ટ્રેન રહેશે. શતાબ્દીની ગતિ પ્રતિ કલાક ૧૩૦ કિલોમીટરની છે. દિલ્હી અને આગરામાં વચ્ચે પ્રવાસ ટાઈમ ૧૨૦ મિનિટ છે. જ્યારે ગતિમાન એક્સપ્રેસ ૧૦૫ મિનિટમાં પહોંચશે.આ ટ્રેનમાં અતિ આધનુક સુવિધા રાખવાની હિલચાલ છે.

કેન્દ્રમાં આવેલી નરેન્દ્ર મોદી સરકાર દેશમાં હાઈ સ્પીડ ટ્રેનને પ્રાથમિકતા આપવા માંગે છે. મોદી બુલેટ ટ્રેન દોડવવાની જાહેરાત પણ કરી ચુક્યા છે. આવી સ્થિતીમા ટ્રેનના યાત્રીઓને વધુ સુવિધા મળે તેવી શક્યતા છે. ટ્રેનીન અંદર અન્ય તમામ સુવિધા આપવામાં આવે તેવી શક્યતા છે. ગુણવત્તાવાળી સેવા ઉપલબ્ધ કરાવવામાં આવનાર છે. ટ્રેનના યાત્રીઓ પણ દેશમાં હાઈ સ્પીડ ટ્રેનની માંગ ઘણા સમયથી કરી રહ્યા છે. જેથી નવ રૂટની પસંદગી કરવામાં આવી છે.

### સરકારી બેંકોમાં હિસ્સેદારી ઘટાડી ૫૨ ટકા કરવા તૈયારી

નવી દિલ્હી,તા. ૨૮

જુનિયર નાણાં મંત્રી જયંતસિંહાએ આજે કહ્યું હતું કે સરકાર બેંકોમાં તેની હિસ્સેદારી ઘટાડવાની ઈચ્છા ધરાવે છે. તેમણે કહ્યું હતું કે, સરકારી બેંકોમાં હિસ્સેદારી ઘટાડીને ૫૨ ટકા કરવામાં આવશે જેના લીધે ૮૫૧.૧ અબજ રૂપિયા ઉભા કરવામાં મદદ મળશે. સરકારી બેંકોમાં સરકાર ૫૬ ટકાથી લઈને ૮૪ ટકા સુધીનો હિસ્સો ધરાવે છે જે ભારતની કુલ લોનના ૭૦ ટકાની આસપાસની રકમ છે. લેખિત નિવેદનમાં સિંહાએ કહ્યું હતું કે, જાહેર ક્ષેત્રની બેંકોની ઈક્વીટી મૂડીમાં સરકારની હિસ્સેદારીમાં ઘટાડો કરવાની ગણતરી ઘણા સમયથી ચાલી રહી છે. હિસ્સેદારીના વેચાણથી સરકાર બેંકો માટે તેના અંદાજ પત્રિય સમર્થનને ફરી હાંસલ કરવામાં સફળ રહેશે. ભારતની ૨૬ સરકારી બેંકો જેમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, બેંક ઓફ બરોડાને પણ નવી મુડીની જરૂર છે. આગામી વૈશ્વિક ધારાધોરણોને પહોંચી વળવા થોડાક વર્ષોમાં નવી મૂડીમાં ૨૬ બેંકોને ૬૦ અબજ ડોલરની જરૂર પડશે. સેન્ટ્રલ બેંકના અંદાજ મુજબ સરકાર સરકારી બેંકોમાં ૨.૪ ટ્રીલીયન રૂપિયા ઠાલવવાની યોજના ધરાવે છે. મૂડી જરૂરીયાતોને પહોંચી વળવા માર્ચ ૨૦૧૯ સુધી આ રકમ ઉભી કરાશે. એસેટ ગુણવત્તાને સુધારવામાં આવશે.

### આઈએસમાં સામેલ યુવાન આરીફ પરત : તપાસનો દોર

કલ્યાણ,તા. ૨૮

કલ્યાણમાંથી ફરાર થઇ



ઇરાક પહોંચેલા અને ત્યાં જઇને આતંકવાદી સંગઠન ઇસ્લામિક સ્ટેટમાં સામેલ થયેલા ચાર યુવાનો પૈકીના એક આરીફ માજિદ આજે પરત ફર્યો હોવાના અહેવાલ મળ્યા છે. આરીફ માજિદ પરત ફર્યા બાદ સવારમાં તેની એનઆઈએ દ્વારા પુછપરછ કરવામાં આવી હતી. આજે વહેલી પરોઢે ૫.૧૫ વાગે તુર્કીથી મુંબઈ વિમાની મથકે પહોંચેલી એનઆઈએની ટીમ સાથે આરીફ પણ હતો. આરીફ ઇરાકમાંથી તુર્કી ભાગી ગયો હતો. એનઆઈએ દ્વારા કલ્યાણમાં આરીફના માતા પિતાને જાણ કરવામાં આવી હતી. કલ્યાણમાંથી તેના માતા-પિતા પોતાના પુત્રને મળવા મુંબઈ પહોંચ્યા હતા. સૂત્રોએ કહ્યું છે કે, એનઆઈએ દ્વારા આ કેસમાં તપાસ કરવામાં આવી રહી છે. તપાસ ટીમ આઈએસઆઈએસ સાથે જોડાયા બાદ આરીફની ભૂમિકામાં પહેલા તપાસ કરશે ત્યારબાદ તેને પરિવાર સાથે જવાની મંજુરી આપશે. આરીફના પરિવારે કોઇ ટિપ્પણી કરી નથી પરંતુ તેના સંબંધી ઇફ્તિખાર ખાને આ ઘટનાક્રમને સમર્થન આપ્યું છે અને કહ્યું છે તે પરત ફર્યો છે તે પરિવાર માટે સારી બાબત છે. આરીફ ભણેલો શખ્સ છે. ઇફ્તિખાર ઘણી બધી માહિતી આપવા માટે ઇચ્છુક છે. તેના પરિવારને આરીફને સોંપી દેવામાં આવે તેવી ઇચ્છા વ્યક્ત કરી છે.

આરીફની વાપસી સાથે અન્ય યુવાનાના માતા-પિતા પણ અપેક્ષા રાખી રહ્યા છે કે તેમના પુત્ર પણ પરત ફરશે. ૨૪મી મેના દિવસે આ લોકો ઘર છોડીને જતા રહ્યા હતા. જે ચાર શખ્સો ફરાર થયા હતા તેમાં આરીફ માજિદ ઉપરાંત અમન તંટેલ, ફહાદ શૈખ અને શાહીદ તનખલનો સમાવેશ થાય છે. પરિવારના સભ્યો દ્વારા જુદી જુદી માહિતી આપવામાં આવી હતી. કલ્યાણનો યુવાન પરત ફરતા નવી વિગત સપાટી ઉપર આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. મે મહિનામાં તેઓએ પરત ફરવાની ઇચ્છા વ્યક્ત કરી હતી.

(અનુસંધાન પાના નં. ૪ નું ચાલુ)

આમ પ્રમુખસ્વામીમાં અહંશૂન્યતા, કાર્ય કરવા છતાં પણ અકર્તાનો ભાવ, સર્વ કર્તાહર્તા મહારાજ છે. પંચવર્તમાને યુક્ત નિષ્કલંક જીવન અને પ્રાણીમાત્ર પ્રત્યે સમભાવ, એટલુંજ નહિ, પણ જીવ પ્રાણી માત્રનું સારું થાય એવી ઉમદા ભાવના સાથે કાર્ય કરી રહ્યા છે.

ગીતામાં સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો વર્ણવતાં શ્રીકૃષ્ણ ભગવાન જણાવે છે કે,

'બ્રહ્મભૂતઃ પ્રસન્નાત્મા, ન સોચતિ ન કાંક્ષતિ
સમઃ સર્વ ભૂતેષુ, મદભક્તિં લભતે પરામ્'

જીવ પ્રાણી માત્ર પ્રત્યે સમભાવથી જોનારા, આ લોકની ઈચ્છા અને તૃષ્ણાથી રહિત અને હંમેશાં પ્રસન્નચિત્ત ભાવે ભજન કરનારની ભક્તિ હું (ભગવાન) સ્વીકારું છું.'

એટલું જ નહિ, પણ ભગવાન આવા પ્રમુખસ્વામી મહારાજ જેવા સંત (આદર્શ ભક્ત) ને વશ વર્તે છે. કબીરજીએ તો ગોવિંદ કરતાં ગુરુની મહત્તા વધુ કહી છે. ગુરુ જ જીવને ગોવિંદ અર્થાત્ ભગવાન સુધી લઈ જાય છે.

નરસિંહ મહેતાએ ગાયું છે કે,

'મારા બાંધ્યા વૈષ્ણવ છોડે, વૈષ્ણવ બાંધ્યા મેં નવ છૂટે રે'

ભગવાનનો અપરાધ કરો તો સંત માફ કરાવી શકે; પણ સંતનો અપરાધ કે દ્રોહ કરો તો ભગવાન માફ ન કરે.

આવા સ્થિતપ્રજ્ઞ સંત એ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને મહિમાએ યુક્ત ભગવાનની ભક્તિ એ યુક્ત હોઈને ભગવાન સિવાય કોઈ પણ વસ્તુ, પદાર્થ, પ્રાણી કે સ્થળ પ્રતિ સહેજપણ પ્રીતિ રહેતી નથી. છતાં તેમનું જીવન આ લોકના જીવપ્રાણીના હિતાર્થે એટલે કે વધુ ને વધુ ભગવાનમય બને તે માટેની વિવિધ પ્રવૃત્તિઓ આદરે છે અને મુમુક્ષુઓને તેમાં જોડે છે.

સર્વગુણ સંપન્ન પ્રમુખસ્વામીની દિવ્ય સાધુતા એ એમનું સવિશેષ આકર્ષણ છે. આજે પ્રમુખસ્વામીનાં અનેકવિધ સમાજોપયોગી કાર્યોની સુવાસ આખાયે વિશ્વમાં પ્રસરી ઠી છે. દેશ-પરદેશમાં ગગનચુંબી મંદિરોએ આગવી પ્રતિભા ભી કરી છે. અમેરિકાના ન્યુ જર્સીના નિર્માણાધીન અક્ષરધામ સ્મારક તો દુનિયાનું એક અણમોલ આધ્યાત્મિક નજરાણું થવાનું છે, પરંતુ તેમની સાધુતાની અસ્મિતાએ નાના-મોટા દેશોના સામાન્ય પ્રજાજનથી માંડીને પ્રતિષ્છિત મહાનુભાવોને પ્રમુખસ્વામી પ્રત્યે દિવ્યભાવ અનુભવાયો છે, અને સમયે સમયે તેઓનાં વક્તવ્યોમાં સંભળાયો છે.

શ્રી શ્રી રવિશંકર દિલ્હી અક્ષરધામ જોયા પછી દિલ્હીમાં પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને મળ્યા અને કહ્યું, 'આપે આ એક અક્ષરધામ બાંધીને હજારો હિન્દુ મંદિરો તોડનારને જવાબ આપી દીધો છે.' જવાબમાં પ્રમુખસ્વામીએ કહેલું કે અમે કોઈને જવાબ દેવા આ સ્મારક કે અન્ય સ્થાનો બાંધતા નથી, પણ અમારા ગુરુ યોગીજી મહારાજનો સંકલ્પ પૂરો કરવા અને ભારતીય સંસ્કૃતિની ભવ્યતા જોઈ સૌ કોઈને પ્રેરણા મળી રહે તે માટેના પ્રયત્નો છે.

ઈંગ્લેન્ડના પ્રિન્સ ચાર્લ્સ અક્ષરધામની મુલાકાત પછી બોલી ઉઠેલા, 'કેટલી ભવ્ય ઈમારત છે.' ત્યાંની ભવ્ય પ્રતિભા નિહાળી વળી કહ્યું, આ મૂર્તિની માફક પ્રમુખસ્વામીનું હાર્ટ એ ગોલ્ડન છે. એ ગોડમેન છે અને તે તેમના જીવનની એક સદી પૂરી કરે એવી મારી પ્રાર્થના છે.' આવો, આપણે સૌ પણ આ યુગવિભૂતિ પોતાનાં સો વર્ષ પૂરાં કરી સારાય સમાજને સુખ, સમજણ અને શાન્તિ પ્રદાન કરી સૌને તૃપ્ત કરે એવી તેમના ૯૪મા પ્રાક્ટ્યદિને શુદ્ધ હૃદયથી ભગવાન સ્વામીનારાયણને પ્રાર્થના કરીએ.

શબ્દ સેતુ (પાના નં. ૪ નું ચાલુ)

**અવળોક્તિ**

રામ કે જમાનેમેં રાવણકા વંશ થા,
કૃષ્ણ કે યુગમેં ભી મૌજુદ કંસ થા,
ઇતિહાસમેં ઐસા સમય કભી નહીં આયા,
જબ સરોવર પર બક નહીં, કેવલ હંસ થા!

• • •

**સંતોક્તિ**

માયા મરી ન મન મરા, મર મર ગયા શરીર,
આશા- તૃષ્ણા ના મરી, કહ ગયે દાસ કબીર.

### સમાચાર ઝલક

- **ઈરાકથી આવેલા મુસાફર પાસેથી ૨૬ કરોડની રકમ પકડાઈ.**
- **પતંજલિ યોગપીઠમાં રાષ્ટ્રીય સ્વયં સેવકની શિબિર.**
- **અલ્હાબાદના સંગમ પર શ્રધ્ધાળુઓ વચ્ચે અફડાતફડી મચી.**
- **નોઈડાના ચીફ ઈજનેરને ત્યાં સીબીઆઈના દરોડામાં કરોડો રૂપિયાની મિલકત તથા રોકડ જપ્ત કરાઈ.**
- **૧૫ વર્ષ જુના વાહનો નહિ ચલાવવા માટે દિલ્હી હાઈકોર્ટનો આદેશ.**
- **બદ્રીનાથની યાત્રા આજથી બંધ, હજારો ભક્તોએ દર્શનનો લાભ લીધો.**
- **ગાંધીધામની કોર્ટમાં આગ લાગી. કોમ્પ્યુટર સર્વર નાશ પામ્યા.**